# પૂરક માંગણી નં ૭૪ -વાહન વ્યવહાર

માનનીય અધ્યક્ષ શ્રી
માનનીય વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી જી જે પૂરક માંગણી નં ૭૪ લાવ્યા છે તેને હું મારુ સમર્થન આપી મારા વિચારો વ્યક્ત કરુ છું।

માનનીય અધ્યક્ષ શ્રી,
સર્વ પ્રથમ તો પૂર્વ કચ્છ જિલ્લા ના લોકો ને આર. ટી. ઓ. ને લાગતા કામ માટે ભુજ સુધી ન જવું પડે તે માટે એ.આર.ટી.ઓ, અંજાર ને તા. ૦૧/૦૭/૨૦૨૩ ના રોજ નવી રજીસ્ટરિંગ ઑથોરિટી તરીકે મંજૂરી આપવામાં આવી તે બદલ હું માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જી તેમજ માનનીય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી જી નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરુ છું.
માનનીય અધ્યક્ષ શ્રી,
આ વ્યવસ્થા થી પૂર્વ કચ્છ જિલ્લા ના ગાંધીધામ, અંજાર, ભચાઉ, તેમજ રાપર એમ ચાર તાલુકા ના લોકો ને લાભ મળી રહ્યો છે।

માનનીય અધ્યક્ષ શ્રી,
ટૂંક સમય પહેલા તા. ૨૬/૧૨/૨૦૨૩ ના રોજ કચ્છ જિલ્લા। ના ભુજ શહેર મધ્યે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જી, માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ જી, તેમજ માનનીય વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી જી ની ઉપસ્થિતિ માં પહેલા ના વખત માં લોકોની જે એરપોર્ટ  માટેની પરિકલ્પનાઓ હતી એ પ્રકારનું PPP અંતર્ગત રૂ ૧૦.૩૪ કરોડ ના ખર્ચે નિર્માણ પામેલું ભવ્ય બસ પોર્ટ નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. અને આવનારા ખૂબ જ ટૂંક સમય માં ગાંધીધામ ના બસપોર્ટ નું પણ કાર્ય શરૂ થવાનું છે

માનનીય અધ્યક્ષ શ્રી,
વાહન વ્યવહાર વિભાગ એ ગુજરાત ના તમામ સમાજ ના આર્થિક રીતે  નબળા વર્ગ માટે આશીર્વાદ સમાન છે. ગામડા ના અભ્યાસ કરતા  વિદ્યાર્થિઓ પોતાના જીવન ના ઉજ્વળ ભવિષ્ય માટે શિક્ષણ પ્રાપ્ત કરવા માટે સરકારી બસો નો ઉપયોગ કરી પોતાનું ભવિષ્ય બનાવતા હોય છે.
આમ માનનીય અધ્યક્ષ શ્રી સરકાર ના વાહન વ્યવહાર વિભાગ દ્વારા નાના નાના પરિવારો ને પોતાના નાના નાના સ્વપ્ના પૂરા કરવા માટે આ વિભાગ આશીર્વાદ રૂપ સમાન છે।
ત્યારે

માનનીય અધ્યક્ષ શ્રી,
જ્યારે જ્યારે ધાર્મિક મેળાઓ થતા હોય છે ત્યારે પણ વાહન વ્યવહાર વિભાગ દ્વારા એસી.ટી. બસો ની સુવિધા પૂરી પાડી શ્રધ્ધાળુ ઓ માટે વ્યવસ્થા ઓ પૂરી પાડવામાં આવે છે અને શ્રધ્ધાળુઓ પોતાના આસ્થા ના કેન્દ્ર પર જઈ શકે અને શિશ જુકાવી શકે તેની ચિંતા કરી ગુજરાત ની ભારતીય જનતા પાર્ટી ની આ સંવેદનશિલ સરકાર  વ્યવસ્થા કરે છે।

જેના ભાગ રૂપે
માનનીય અધેયક્ષ શ્રી

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા અંબાજી ખાતે ભાદરવી પૂર્ણિમા ના મહા મેળામાં વધારાની એસ.ટી. બસોનું સંચાલન કરી શ્રધ્ધાળુઓને સુવિધાયુક્ત પરિવહન મળી રહે તેની તકેદારી રાખવામાં આવે છે।

ગુજરાત ના પવિત્ર યાત્રાધામ અંબાજી માટેની પ્રજાની ધાર્મિક લાગણી ને ધ્યાને લઈ, નિગમ દ્વારા બાદરવા સુદ નોમ થી પૂર્ણિમા ના સમયગાળા દરમ્યાન મુસાફરોના વધારાના ટ્રાફિક પ્રમાણ ને ધ્યાને લઈ દર વર્ષે એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવે છે।

માનનીય અધ્યક્ષ શ્રી,
વિવિધ જીલ્લાઓમાંથી દર્શનાર્થે પગપાળા અંબાજી પહોંચતા મુસાફરોને પરત પોત-પોતાના જીલ્લાઓમાં પહોંચાડવાના હેતુસર ભાદરવી પૂર્ણિમા ના મેળામાં એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરવામાં આવે છે।

માનનીય અધ્યક્ષ શ્રી,
વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ દરમ્યાન ભાદરવી પૂર્ણિમા ના મેળાના સમયગાળા દરમ્યાન કરવામાં આવેલ એક્સ્ટ્રા સંચાલનની વિગત...

| વર્ષ | ટ્રીપની સંખ્યા | મેળવેલ આવક (રૂ.કરોડમાં ) | મુસાફરની સંખ્યા ( લાખમાં ) |
|---|---|---|---|
| ૨૦૨૨ | ૧૯૭૩૬ | ૫.૫૫ | ૧૧.00 |
| ૨૦૨૩ | ૨૪૬૧૮ | ૭.૫૯ | ૧૩.00 |

માનનીય અધ્યક્ષ શ્રી
છેલ્લા કેટલાક વર્ષો માં વાહન વ્યવહાર વિભાગે એક અલગ જ મુકામ હાંસલ કર્યો છે
જેમાં ખૂબ જ મહત્વ નું કહી શકાય એવું ગુજરાત ઈલેક્ટ્રીક વ્હીકલ પોલીસ લાવવામાં આવી. ગુજરાત સરકાર હંમેશા પર્યાવરણ મદ્દે ગંભીર રહી છે. એટલે જ પેટ્રોલ ડીઝલ થી ચાલતા વાહનો ના બદલે ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા ઈલેક્ટ્રીક વ્હીકલ પોલિસી અમલામાં લાવી ખૂબ જ દુરંદેશી નિર્ણય લીધો છે।

માનનીય અધ્યક્ષ શ્રી